

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

મરજી પડે, મા-અંબાને પણ 'લોક'માં પૂરે છે!
મરજી પડે, ખોલાવે, જો કાર્યક્રમ સ્ફૂરે છે!
બૂરે હાલ છે કાયદા, છે સત્તાના પાળેલા શ્વાન -
મૂકી દે નેવે નિયમો તંત્ર ચાપલૂસીમાં ઝૂરે છે!
(મંદિર ખોલો - સાહેબ આવ્યા છે!!)

હાઈકુ

થાય છે પૂજા
ઉગતા સૂરજની -
પૂજો - 'પ્રમુખ'!

લ્યો ! શેતરંજે -
હવે માનીતાં પ્યાદાં
ખેલશે જંગ!

### ચિંતન

*કબીર હરિ કી ભક્તિ કરું, તજ વિષયારસ ચૌજ,*
*બારબાર નહીં પાઈયે, માનુષ જન્મ કી મૌજ.*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર મૃત્યુલોકના માનવીને ઉપદેશ આપતાં કહે છે કે મોક્ષની ઈચ્છા રાખનારા હે મુમુક્ષો! તમને જો પ્રભુને અને મોક્ષને પામવાની તૃષ્ણા હોય તો વિષય રસની ચાહના અર્થાત્ વાસના ત્યાગીને હરિની ભક્તિ કરો, કારણ કે આવો પ્રભુભક્તિનો આનંદ વારંવાર મળશે નહીં.**

**કહેવાનો ભાવાર્થ એ છે કે મનુષ્ય દેહ એ ચેતન સ્વરુપ દેહ છે તેથી તેના થકી આત્મકલ્યાણના સાધનરુપ ભક્તિ થઈ શકે છે. મનુષ્ય યોનિ સિવાય અન્ય પશુ-પક્ષી વગેરે યોનિમાં મળેલા દેહથી ભક્તિ થઈ શકે નહીં. તેઓશ્રી કહે છે કે અતિ દુર્લભ આ માનવદેહ વારંવાર પ્રાપ્ત થશે નહીં. માટે વિષયરુપી વાસનાઓને ત્યાગી, હરિને ભજી મનુષ્ય જન્મ સાર્થક કરી લો.**

### સુવિચાર

- સમય સારો હોય ત્યારે સલાહ જોક જેવી લાગે છે અને
  સમય ખરાબ હોય ત્યારે સલાહ હુકમ જેવી લાગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સિર્ફ અંધેરા હી ઉસકે બાદ રહતા નહીં...
  રૌશની કરને સે મંઝર તો બદલતા નહીં - **આદિત્ય જામનગરી**
- દરેક વ્યક્તિના હૃદયમાં લડવા માટે લડાઈ, જીવવા માટે સાહસની તીવ્ર ઈચ્છા હોય છે - **જ્હોન એલ્ડ્રિજ**
- બાગમાં જેમ ઘાસ ઉગતું જ જાય છે,
  આપણે તેને ભયપ્રેરિત મન કહી શકીએ, તેને સત્વરે ઉખાડી નાખો - **સિલ્વીયા બ્રાઉન**
- 'મારા જીવન વિશે મારે શું કરવું જોઈએ?' એ પ્રશ્ન પર વિચાર કરવો એ માત્ર મુદ્દો જ નથી,
  તે એક નૈતિક આદેશ પણ છે - **સંત રોબિન**
- એક વખત ક્ષમા આપવાનું શીખી લો, સ્વસ્થ થઈ જશો - **લૂસી હે**
- આજનું ઔષધ : સવાર-બપોર-સાંજ બે-બે નારંગી દારૂના વ્યસની ને ખવડાવવાથી એને દારૂની તૃષ્ણા લાગતી નથી

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શેઠે પોતાને ત્યાં એક ગુમાસ્તો રાખેલો. શેઠ કંજૂસ પગાર ખાસ આપે નહીં અને બાર કલાક ડૂચા કાઢી નાખે. ગુમાસ્તો પણ મોકાની શોધમાં જ હતો. એક વાર શેઠને સામાજિક કામ અર્થે બહાર ગામ જવાનું થયું અને રાજાના અધિકારી શેઠની પેઠી પર આવ્યા. પેલા ગુમાસ્તાએ કહ્યું, 'તમને ખબર છે, થોડા સમય પછી અમારા શેઠ રાજા કરતાં પણ વધારે માલદાર થઈ જશે.' રાજાના અધિકારીએ પૂછ્યું, 'એ કેવી રીતે ?' ગુમાસ્તાએ પેઢીના હિસાબ કિતાબના ચોપડા દેખાડ્યા. અધિકારીઓ તો જોઈને આશ્ચર્યમાં પડી ગયા. પછી તો શેઠના છાના અને ગુપ્ત વહેવારોની અથ થી ઈતિ સુધીની જાણકારી આપી અને શેઠની હવેલી પણ દૂરથી બતાવી. રાજાના અધિકારી તો દંગ જ રહી ગયા. અધિકારીએ જઈને રાજાને વાત કરી. રાજાએ પૂછ્યું, 'શેઠની છૂપાવેલી આવક અને મિલ્કતની તને ખબર કેવી રીતે પડી ?' ત્યારે અધિકારીઓ કહે, 'આ ગુમાસ્તાએ જ દીવો કરીને ઘર દેખાડ્યું છે.' શેઠ બહારગામથી પાછા ફર્યા ત્યારે ઘરમાં ખરેખર અંધારું થઈ ચૂક્યું હતું. રાજાએ એની છૂપી આવક ઉપર દંડ કરી શેઠને સજા કરી. પોતાની પોલ કે અન્યની પોલ ખોલી નાખનારા માટે 'દીવો કરીને ઘર દેખાડે' કહેવત વપરાય છે.

# કોંગ્રેસની યાદવાસ્થળી રોકી શકાશે નહીં

**તંત્રીસ્થાનેથી...**

જાણે બીજા લોકો સોનિયા ગાંધીને વહાલા થઈ ગયા અને હું રહી ગયો - એવી દહેશત સાથે કોંગ્રેસના નિષ્ફળ મુસ્લિમ ચહેરા તરીકે જાણીતા સલમાન ખુરશીદે પ્રમુખની ચૂંટણી કરવાની શી ઉતાવળ આવી ગઈ છે, સોનિયાજી સક્ષમ પ્રમુખ છે અને એમને યોગ્ય લાગશે તે સમયે તેઓ ચૂંટણી કરાવશે, એ મતલબનું આઝાદ-સિબ્બલની બોલતી બંધ થઈ જાય એવું નિવેદન કર્યું છે. કોંગ્રેસમાં સૌથી વધુ વગદાર અને ગાંધી પરિવારની સૌથી નજીક તો અહમદ પટેલ છે. ગુલામ નબી આઝાદ રાજીવ ગાંધીના મિત્ર તરીકે અને કાશ્મીરના નેતા તરીકે ઊપસ્યા હતા, પણ સોનિયા ગાંધી કે રાહુલ ગાંધીએ વર્તમાન સરકારની કાશ્મીર નીતિ મૂંગે મોંએ સ્વીકારી લીધા પછી એમનું વજૂદ ઓછું થઈ ગયું છે. તેઓ ૩૭૦મી કલમના મુદ્દે કાશ્મીરી નેતાઓ જેવું જ વલણ ધરાવતા રહ્યા છે. સલમાન ખુરશીદ પણ મહદંશે સાઈડલાઈન કરાયેલા મુસ્લિમ નેતા છે. પરંતુ અત્યારે સોનિયાની તરફેણમાં નિવેદન કરી સોનિયા-રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસ 'બરાબર' કામ કરી રહી છે, એવું - ગધેડાને પણ તાવ આવે એવું નિવેદન કરીને અને ગુલામ નબી વિરુદ્ધ શિખામણના શબ્દો ઓચરીને સલમાન ખુરશીદે ગાંધી પરિવારની નજીક સરકવા માટેનો જ પાસો ફેંક્યો છે. ગુલામનબી આઝાદે અને કપિલ સિબ્બલે ત્રેવીસ નેતાઓની સહી સાથેનો પત્ર પાઠવ્યો અને ગાંધી પરિવાર સામેનો બળવો ગણી લેવાયો છે અને કેટલાક વધુ પડતા ઉત્સાહી સોનિયાભક્તોએ તો એમની સામે પગલાં ભરવાની પણ માગણી કોંગ્રેસ કાર્યકારિણીની બેઠકમાં કરી દીધી હતી. આવી માગણી કરનારાઓમાં લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી મુખ્ય છે. એમનું રાષ્ટ્રીય સ્તરે કોઈ વજૂદ નથી તે સર્વવિદિત છે. ગુલામ નબીની અને આનંદ શર્માની પાંખો કાપવા માટેનું આયોજન તાબડતોબ કરી દેવાયું છે. અહમદ પટેલ અને બીજા બે આગેવાનોની કમિટીએ જયરામ રમેશને રાજયસભાની વિશેષ જવાબદારી માટે નિયુક્ત કરી દીધા છે. કપિલ સિબ્બલને સ્વાભાવિક રીતે જ 'ગદ્દાર' જેવા અને ભાજપ સાથે મળી ગયેલા હોવાના આક્ષેપો ન જ સહન થાય. એમણે અને ગુલામનબી આઝાદે વર્કિંગ કમિટીમાં પોતાની વાત બિલકુલ ન ચર્ચાઈ અને ઊલટાનો એમનો ઊધડો લેવાયો એ પછી નિવેદનબાજી ચાલુ રાખી છે. હાલની રીતે જ કોંગ્રેસ ચાલશે તો પચાસ વર્ષે પણ સત્તા પર નહીં આવી શકે તે મતલબનું નિવેદન પ્રજામાનસનો અભ્યાસ હોય એવો, ગુલામ નબી આઝાદ જેવા નેતા જ કરી શકે. પરંતુ એને ગાંધી પરિવાર વિરુદ્ધનો બળવો ગણી 'વફાદારો' હવે પાર્ટીમંથી 'આઝાદ' એટલે કે બહાર કાઢવા સુધીની ભલામણો કરી ગાંધી પરિવારની ખુશામત કરવા મચી પડ્યા છે. 'ચૂંટણી નહીં થાય તો આભ તૂટી પડવાનું નથી.' એમ કહી સલમાન ખુરશીદે સંજય નિરુપમની જેમ સોનિયા-રાહુલના નેતૃત્વમાં જ કોંગ્રેસ સલામત હોવાની થિયરીનું સમર્થન કર્યું છે. ધૂંધવાયેલા ૨૩ નેતાઓ હવે હાઈકમાન્ડ માટે અળખાણમા બની ગયા છે. એમના માટે રાજયસભાની ટિકિટો મેળવવાનું મુશ્કેલ બની રહેવાનું છે ત્યારો જયોતિરાદિત્ય સિંધિયાની જેમ એ બધા સાગમટે નવી પાર્ટીનું જોખમ લેવા કરતાં મોદી શરણું સ્વીકારે તો નવાઈ ન જ લાગવી જોઈએ.

# શિક્ષકે આપેલા સંસ્કારના અજવાળા વિદ્યાર્થીના જીવનમાં પથરાય છે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'તમારામાંના કેટલાને યાદ છે કે ભારત ક્રિકેટ વર્લ્ડ કપ કયારે કયારે અને કયા ફોર્મેટમાં જીત્યું?'

'ચંદ્ર પર માણસે પહેલીવાર પગ કયારે મૂક્યો ?'

'વિશ્વની સૌથી લાંબી નદી કઈ ?'

'વિશ્વ સુંદરીનો તાજ ભારતમાં કોણે કોણે મેળવ્યો ?'

આ અને આવા પ્રશ્નો પાંચ-પચ્ચીસ કે પાંચસોના ઓડિયન્સને પૂછીએ તો સાચા-ખોટાં જવાબો મળે તો મળે,નહિ તો ના મળે...!!! સામાન્ય રીતે આવું થતું હોય છે પરંતુ જો એમ પુછીએ કે 'તમારા જીવનમાં મૂલ્યનું ઘડતર કરનારા શિક્ષકોના નામ આપો.' તો મોટાભાગે લોકો તુરંત પાંચ-સાત નામો ઉત્તરમાં આપી દે છે.

ભારતમાં જ નહિ, વિદેશોમાં પણ, શિક્ષકો હંમેશા સન્માનને પાત્ર રહ્યા છે અને એથી જ એમના નામ યાદ રાખવા નથી પડતા, સહજપણે યાદ રહી જાય છે.

વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકોનું બહુમલ્ય પ્રદાન હોય છે. શિક્ષકમાં એ ક્ષમતા છે કે એ પથ્થરમાંથી એ મૂર્તિનું ઘડતર કરી શકે છે. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીને માત્ર જ્ઞાન કે માહિતી જ નથી મળતી બલ્કે, રોજિંદા જીવનમાં ઉપયોગી એવા બહુમૂલ્ય પાઠ પણ શીખવા મળે છે, આ એવી ઝીણી ઝીણી બાબતો છે જે કારકિર્દીના કોઈ પણ તબક્કે કોઈ પણ કોર્સના પુસ્તકોમાં હોતી નથી.

પ્રાર્થના-ધૈર્ય-સાહસ-સમતા-વિચારોનું દોહન, પ્રેમ, શિસ્ત, વડિલોને આદર, માનવધર્મ, પ્રકૃતિ અને પર્યાવરણ માટે પ્રેમ જેવા અનેક સદ્‌ગુણોનું સિંચન એક શિક્ષક પોતાની લાઈફ દરમિયાન હજારો વિદ્યાર્થીઓમાં કરે છે. માનવજીવનના વિકાસના પ્રારંભિક તબક્કાથી લઈને પરિપક્વ થવા સુધીની યાત્રામાં શિક્ષકની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પ્રત્યેક વ્યક્તિના જીવનમાં રહેલી છે. શિક્ષક જવાબદાર નાગરિકોનું અને એ રીતે રાષ્ટ્ર ઘડતરનું કામ કરે છે.

મને યાદ છે મારા બાલમંદિર સમયના શિક્ષકો, કપિલાબેન અને સરોજબેન... ત્યાંથી લઈને કૉલેજકાળના ડૉ. પૂર્ણિમા મહેતા, અશ્વિન ઓઝા અને આર જે જાડેજા સુધીના તમામ શિક્ષકોએ મારા જીવન ઘડતરમાં જે પ્રદાન કર્યું છે એના કારણે આજે હું જે કાંઈ થોડું ઘણું જીવનમાં પામ્યો છું તે પામી શક્યો છું. કોઈ પણ શિક્ષક અનાયાસ રસ્તામાં - મંદિરમાં - જાહેર સ્થળોએ કે લગ્ન સમારંભોમાં મળે ત્યારે એમને પગે લાગીને હું જાણે ધન્યતાનો અને ગૌરવનો અનુભવ કરું છું.

શિક્ષકોએ એમના સાહજિક વાણી-વિવેકને વર્તન દ્વારા મારામાં રહેલા વિદ્યાર્થી પર અસર મુકી તે સદાયે મને જાગૃત રાખે છે. આવા જ અનુભવો પોતપોતાના શિક્ષકો માટે વાચકોના પણ હશે જ.

મને યાદ છે, એક દશ્ય, જૈન પરિવારના યુવાનો, પ્રાથમિક શિક્ષણ મારા મમ્મી તથા અન્ય શિક્ષકો પાસેથી પામ્યા... સમય જતા પોતાના વ્યવસાયમાં મોટું નામ ને કામ કર્યું, પરંતુ મારા મમ્મી જયારે એમને ત્યાં કોઈ કામે જાય તો ઓફીસમાંથી બહાર આવીને ઝૂકીને પગે લાગે.... માને મળતા હોય એટલા વ્હાલથી મળે... મમ્મી કહે કે હવે તમે મોટા થઈ ગયા, તો કહે કે તમારી પાસે અમે કાયમ નાના જ રહેવાના... જે કોઈ પામ્યા તે તમે બધા શિક્ષકોએ આપેલા સંસ્કારને લીધે પામ્યા... એક હિન્દી પંક્તિમાં લખાયું છે ને !

ખીંચતા થા આડી ટેડી લકીરેં,
આપને કલમ ચલાના સીખાયા,
જ્ઞાન કા દિપક જલા મેરે મનમેં,
આપને મેરે અજ્ઞાન કો હરાયા...

બહુ વિશાળતાપૂર્વક જોઈએ તો સાધુ-સંત, સદ્‌ગુરુ પણ શિક્ષક છે, જયારે જયારે આપણે હારીએ, ત્યારે ત્યારે એ વિચાર સ્વરુપે, સંસ્કાર સ્વરુપે, આકાર સ્વરુપે આપણને યોગ્ય અને સાચો માર્ગ બતાવે છે. એ જેવું જીવે છે. એવું ને એટલું સરળ કે સહજ ભલે આપણે જીવી ના શકીએ, પરંતુ એનો નાનકડો અંશ પણ આપણા જીવનમાં અમલમાં આવે ત્યારે એના મૂળમાં તો એમના જ આશીર્વાદ હોય છે, આમ એક અર્થણાં સાધુ કે સદ્‌ગુરુ માણસને દિક્ષીત કરવાનું જ કામ કરે છે.

જો આપણામાં સહજ પ્રાપ્ત વિવેદ દૃષ્ટિ હોય તો આપણી આસપાસના જગતમાંથી આપણે જયાંથી પણ સારું ને સાચું શિક્ષણ મળે ત્યાંથી એ શિક્ષણ પામી શકીએ. ભગવાન દત્તાત્રેયે પંચતત્ત્વ સહિત ૨૪ ગુરુઓને માન્યા છે. એમ આપણે પણ જયાંથી મળે ત્યાંથી કોઈ પણ ઉંમરે આપણામાં રહેલા વિદ્યાર્થીને જીવંત રાખીને જયાં જયાંથી શીખવા મળે ત્યાં ત્યાં સ્થાન ધરાવનારને મનથી તો મનથી ગુરુ-શિક્ષક માની શકીએ. શિક્ષકે આપેલા સંસ્કારના અજવાળા વિદ્યાર્થીના જીવનમાં હંમેશા પથરાય છે.

# મ્યૂચલ ફંડ્સ આર સબ્જેક્ટ્સ ટુ માર્કેટ રિસ્ક....આવી ચેતવણી કોઈ દિવસ કોઈ વડીલ આપણને શીખામણ આપતા પહેલા દેતા નથી



**વિચારયાત્રા**
**ડૉ. જય ઓઝા**

**જુવાન દોસ્તો ! શા માટે માગો છો માર્ગદર્શન ?**
**એક(પ્રામાણિક) દોસ્તે કહ્યું-**
**જુવાન દોસ્તો ! શા માટે માગો છો માર્ગદર્શન ?**
**શબ્દકોશનું કદ વધારનાર અને ભાષાને અકાળે વૃદ્ધ કરનાર**
**આ શબ્દોથી સાવધ રહો !**
**અમારા ધોળા વાળથી ફસાશો નહીં**
**તેનો રાખવો જોઈએ એટલો જ મલાજો રાખો**
**બાકી તમારો રસ્તો તમે જ શોધો.**
**અમે પુષ્કળ ઉનાળા-ચોમાસા જોયા કબૂલ.**
**પણ, ખરે જ તેનુ શ્રેય ઋતુચક્રને જ**
**પુષ્કળ રખડ્યા, પણ એથી અમને અચૂક માર્ગ મળ્યો જ તેમ કેમ કહેવાય!!**
**ના-ના-ના દોસ્તો ભળતી ગેરસમજ કરશો નહીં**
**તે તમને પરવડશે નહીં**
**અરે કરમાઈ ગયેલા અમારી પાસે હોઈ હોઈ ને શું હોય?**
**પરાભવ અને નિરાશાની એક પ્રદીર્ઘ ગાથા !**
**પણ, દોસ્તો તમે જુવાન છો.**
**તારુણ્યને તો નિરાશા અને પરાભવ પરિચિત જ હોય છે.**
**અરે, પ્રકાશે કદીય અંધારું જોયું હોય છે ખરું?**
**લોક કંઈ પણ કહે**
**જેને હવે કોઈ માર્ગ રહ્યો નથી,અને જે ગતિહીન બનેલા છે**
**તેમને માર્ગદર્શન પૂછવાનો તમને અધિકાર જ નથી!**
**અને મિત્રો એક વાત યાદ રાખો કે પ્રત્યેકે પોતપોતાનો માર્ગ શોધવાનો હોય છે.**
**'આગળનાની ઠોકર બીજાને શાણો બનાવે છે!" એ એટલું પણ સાચુ નથી,**
**અને હોય તો પણ ચાલનારને ઊપયોગી નથી**
**તેના માટે તો ફરીથી ઠોકર ફરી ફરીથી ઠોકર આ જ ખરુ માર્ગદર્શન**
**ચરૈવેતિ! ચરૈવેતિ!**

**- મંગળ વેઢેકર**

કવિતાની પ્રથમ બે પંક્તિમાં જ તેના "હટકે" પણાનો ખ્યાલ આવી જાય છે.. એક (પ્રામાણિક) વૃદ્ધે કહ્યું-પ્રામાણિક શબ્દ કૌંસમાં મૂક્યો છે , અને પછી તરત જ 'જુવાન દોસ્તો' ! આમા દોસ્તો સંબોધન ઊડીને આંખે વળગે છે..

એમ કહેવાય છે કે વ્યક્તિનાં જીવનની એ સૌથી સફળતમ ક્ષણ હોય છે જ્યારે પરિવાર આપણને મિત્રની જેમ ટ્રીટ કરે અને મિત્રો આપણને પરિવાર જેવા મળી રહે. અમુક ઉંમર પછી દાદા-દાદી કે માતા-પિતાને સંતાનોના મિત્ર થતાં આવડવું જોઈએ. આવી સૂફિયાણી વાત આપણે સાંભળીએ છીએ ઘણીવાર પરંતુ, નજરે જવ્વલ્લે જ ચડે છે.

કોઈક પાસે માર્ગદર્શન માગીએ,સલાહ માગીએ, ત્યારે આપણા એ વડીલો કે જેઓ એ યુગમાં જન્મ્યા હતા, અને મોટા થયા હતા,જ્યાં વિકાસની ક્ષિતિજો સિમિત હતી,જ્યાં સોશ્યલ મીડિયા કે આઈ.ટી. નું વર્ચસ્વ નહોતું, જ્યાં ગળાકાપ સ્પર્ધા નહોતી., જેમણે આખી જિંદગી ૯ થી ૫ ની સરકારી નોકરી કરીને નિવૃત્ત થવામાં સ્વર્ગનો આનંદ લીધો હતો...

આવા વડિલોએ અત્યારે આજની પેઢીને માર્ગદર્શન આપવુ હોય તો પહેલા ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર એકાઉન્ટ ખોલાવવું જોઈએ, ગૂગલ સર્ચ એન્જિનનો અભ્યાસ કરવો જોઈએ, સ્માર્ટફોન પર અવનવી એપ્લિકેશન ડાઉનલોડ કરીને અત્યારની વાસ્તવિક પરિસ્થિતિનો સચોટ અભ્યાસ કર્યા પછી જો મિત્રની જેમ માર્ગદર્શન આપે તો ખરેખર યોગ્ય લેખાશે.

અત્યારે આ જમાનામાં આપણે બધાં જીવવાની મથામણ કરી રહ્યાં છીએ , પરંતુ અંદરથી અનુભવી રહ્યા છીએ કે સાલુ અત્યારે આ સમયમાં જીવવુ જ કપરુ થઈ ગયું છે.

પ્રત્યેક યુગની પોતાની ગૂંચવણો-ગૂગળામણો હોય છે. એક જ નક્શો લઈને દરેક દેશમાં તો ન જ ફરી શકાય ને ! આપણે અત્યારે જે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ તેવી મુશ્કેલીઓ તેમના સમયમાં ન પણ હોય. મુશ્કેલીના પ્રકાર અલગ અલગ હોય.

એવું નથી કે અત્યારે ખૂબ જ આરામવાળી જીંદગી છે...અને એવું પણ નથી કે ત્યારે ખૂબ કફોડી હાલત હતી.

પ્રત્યેક સમયની પરિસ્થિતિઓ ભિન્ન ભિન્ન જ રહેવાની.

આપણા પૂર્વજોને પણ મુશ્કેલીઓ આવી હશે...આપણે જીવનની અધિક રફતારથી હાંફી ગયા છીએ,તેઓ કદાચ વધુ પડતી શાંત અને ઠહરાવવાળી જીંદગીથી કંટાળી ગયા હશે. કોઈના માર્ગદર્શનથી જ રસ્તો મળી જતો નથી. માર્ગ મળે તો મંઝિલ સુધી નથી પહોંચતો. આપણે ઘેરાઈ જઈએ, વિખેરાઈ જઈએ એટલે પોકારી ઊઠીએ છીએ કે હ્વ કોઈ રસ્તો બતવોહ્વ. કોઈ માટે નીવડેલો માર્ગ બીજા માટે યોગ્ય ન પણ નીવડે.

મ્યૂચલ ફંડ્સ આર સબ્જેક્ટ્સ ટુ માર્કેટ રિસ્ક....આવી ચેતવણી કોઈ દિવસ કોઈ વડીલ આપણને શીખામણ આપતા પહેલા દેતા નથી. એ તો સલાહ આપતી વખતે શુરા-પૂરા અને જો નિષ્ફળ ગયા તો..અમે તો કહેતા જ હતા વાળી પંક્તિ અનુસરનારા છટકબારીઓ રાખવાવાળા વૃદ્ધો પર ભરોસો રાખીને પસ્તાવા કરતાં તો જતે નિર્ણય લઈને નિષ્ફળતા મેળવવી સારી.

'રેડીમેડ કપડા' લઈને પહેરીએ તે આપણને ફિટ આવે, એ બરાબર છે., પણ 'રેડીમેડ' માર્ગદર્શન લઈએ ને તો તો જીવનમાં ક્યારેક ફીટ થઈ જવાય છે. પ્રત્યેકની પોતાની ચાલ હોય છે, કોઈના પગલામાં પગ મૂકવાથી પંથ જડતો નથી. રસ્તા પગની હેઠે હોય છે અને છતાં આપણે પૂછીએ છીએ-રસ્તો ક્યાં છે? રસ્તો દેખાય તો પૂછીએ છીએ કે જવું ન જવું ? ક્યારે જવું ? પરંતુ સામે એવા નિખાલસ કે પ્રામાણિક વૃદ્ધ ક્યાં જોવા મળે છે જે સ્વીકાર કરે કે, અમારા નિષ્ફળ અનુભવોનું ભાથું અમારે તમને નથી આપવું, વધારે તડકી છાયડી જોવા માત્રથી જ સલાહ આપવાનુ લાયસન્સ નથી મળી જતુ. વધારે દિવાળી જોઈ હોય એટલે .... કંઈ કેટલાય ચોમાસા જોયા...એટલે..ઋતુચક્રને આભારી છે..બસ આ જ માર્ગદર્શન આપવાનો ઈજારો નથી બની જતો.

મિત્રો ! રખેને આપણી વિનમ્રતાને આપણું મૂઢપણું સમજીને કોઈ અયોગ્ય સમયે બિનઅનુભવી વૃદ્ધ આપણને સલાહોના હથોડા મારવા મેદાનમાં ઉતરી પડે, તે પહેલા ત્યાંથી ખસી જજો.

વૃદ્ધો વંદનીય છે, પણ સાચા અર્થમાં અનુભવ સમૃદ્ધ વૃદ્ધ તો આજની પેઢી મસમોટી ડીંગો હાકતી સલાહ નથી આપતા,પન ચર્ચા કરે છે., કે.એલ.સાયગલથી માંડીને બાબા સાયગલ અને નૌશાદ થી લઈને પાપોન સુધી એકસરખો રસ લે. રાજ કપૂર અને રણબીર કપૂરને એક જ આંખે જુએ...પોતાના ટ્રાન્ઝિસ્ટરને અને એલેક્સાને સરખા ભાવથી જાણે સમજે અને માણે.

આવા વડીલો વૃદ્ધ હોવા છતાં દોસ્ત હોય છે.કારણકે વાર્ધક્ય તો તનથી નહીં મનથી આવતુ હોય છે. આવા વડિલોની વાત સાંભળવી , સમજવી...પણ છેલ્લે અમલ તો ત્યારે જ કરવો જ્યારે આપણાં પગ એ રસ્તે જવાની અનુમતિ આપતા હોય.

- jayuoza@gmail.com, Mo.9898046488

# પૈસા માણસનુ સર્જન નથી કરતો, માણસ પૈસાનું સર્જન કરે છે...



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

થોડા સમય પહેલાં એક સમાચાર આવ્યાં હતાં કે, બ્લ્યુમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સની યાદીમાં વિશ્વના સૌથી અમીર ટોપ ટેન ધનાઢ્ય વ્યક્તિઓમાં વોરેન બફેટને પાછળ રાખી ભારતના મુકેશ અંબાણી આઠમા સ્થાને આવી ગયા. જો કે બફેટ પાછળ ધકેલાયા એની પાછળ ગત વર્ષે એમણે કરેલુ ૨.૯ અબજ ડોલરનું દાન એક કારણ છે. વર્ષ ૨૦૦૬થી અત્યાર સુધીમાં બફેટે ૩૭ અબજ ડોલરથી વધુ ધનરાશી ગરીબોના ઉત્કર્ષ, શિક્ષણ અને આરોગ્ય સવલતો માટે દાનમાં આપી છે. જગતના સૌથી ધનાઢ્યોની ટોપ ટેનની યાદીમાં સુમાર વોરેન બફેટની જીવન જીવવાનની અઝીમો શાન અલગ અંદાજની વાત કરવી છે.

અમેરિકાના નેબ્રાસ્કાના ઓમાહા શહેરમાં ૩૦મી ઓગસ્ટ, ૧૯૩૦ના રોજ એક ઉદ્યોગપતિ રાજકારણી હાવર્ડ બફેટના ત્યાં વોરેન એડવર્ડ બફેટનો જન્મ થયો. બાળપણમાં દાદાની કરિયાણાની દુકાનમાં કામ કરતા બફેટે ૧૧ વર્ષની ઉંમરે અખબારો વિતરણ કરતા ફેરીયાનું કામ પણ કર્યું હતું. ફેરીયાનું કામ કરતા મળેલા પૈસા બચાવી એમણે નાનુ એવુ એક ફાર્મ ખરીદ્યું હતું. જો કે બફેટે એક મુલાકાતમાં કહ્યું હતું કે, ૧૧ વર્ષની ઉંમરે કમાવવાની મારી શરૂઆત મને મોડી લાગે છે.

અઢળક સંપત્તિ ધરાવતા બફેટનું નવ દાયકા જેટલુ જીવન અત્યંત સાદુ અને સિધ્ધાંતોના પાયા ઉપર અડીખમ ઉભુ છે. પૈસાદારો અને સેલિબ્રિટીઓની જેમ બફેટ ક્યારેય સિક્યોરિટી કે બાઉન્સર લઈને નથી ફરતા. આજે પણ ઓમાહા શહેરમાં ત્રણ બેડરૂમના નાના મકાનમાં એ રહે છે. એમના મકાનને કોઈ કંપાઉન્ડ વોલ કે ફેન્સિંગ નથી. આ મકાન એમણે પાંચ દાયકા પહેલાં લીધું હતું. બફેટ તેમના ઘરમાં જરૂરિયાતથી વધુ સામાન રાખતા જ નથી. જેટલી બિનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવતી હોય તે નાણાનો નિરર્થક બગાડ છે. આ સિધ્ધાંત પ્રત્યેક પરિવારમાં ઉછરતા બાળકોના ઉજ્જ્વળ ભવિષ્યના માટે ફળદાયી બીજરોપણ સમાન છે.



જેણે ૧૧ વર્ષની ઉંમરે પૈસા બચાવી રોકાણ કર્યુ છે, એવા વોરેન બફેટે વાતો કરીને નહીં, બચત કરીને યોગ્ય રોકાણ દ્વારા ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી શકાય એવો હૃદયમાં ઉતરી જાય એ પ્રકારનો સંદેશ એમણે એમની 'લાઈવ બિહેવીયરહ્વથી યુવાનોને આપ્યો છે. દુનિયાની સૌથી મોટી પ્રાઈવેટ જેટ કંપનીના માલિક હોવા છતાં પોતાનું પ્રાઈવેટ જેટ ન રાખતા અને સદાય ઓર્ડિનરી બિઝનેસ ક્લાસમાં ટ્રાવેલ કરતા બફેટ ઑડી, મર્સીડીઝ કે લીમોઝીન કાર નથી રાખતા. એક સાદી કાર રાખે છે અને તે પણ ડ્રાયવર વગર. બફેટ જ્યાં પણ જાય ત્યાં સેલ્ફ ડ્રાઈવ કરીને જ જાય છે. બેશુમાર પૈસા હોવા છતાં સાદગીપૂર્ણ બફેટનું જીવન જોઈને એમને 'અમેરિકન ગાંધીહ્વ કહેવાનું મન થાય.

પોતાના લોકોમાં વિશ્વાસ રાખવાથી એ લોકો જબરજસ્ત તાકાતથી કામ કરીને સો ટકા પરિણામ આપતા હોય છે. બર્કશાયર હાથ-વે નામની પેઢીના નેજા તળે બફેટ ૬૩ જેટલી કંપનીઓ સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે. વર્ષમાં એકવાર તમામ કંપનીઓના સીઈઓને બફેટ નાનકડા પત્રથી એક ટારગેટ આપી દે છે. ત્યાર પછી આખા વર્ષ દરમિયાન ક્યારેય એમના કામમાં કોઈ દખલઅંદાજી કરતા જ નથી. લક્ષ્યાંક આપવાનુ કામ એમનુ અને લક્ષ્યાંક સિધ્ધ કરવા માટેની પદ્ધતિ અને માર્ગો સુનિશ્ચિત કરવાનું કામ સંબંધિત કંપનીના સીઈઓનું. વર્ષના અંતે એક જ મિટિંગ બોલાવી તમામ પાસેથી સોંપેલા કામની બફેટ સમીક્ષા કરે છે. આવી અદભુત કાર્યપ્રણાલી એમણે અખત્યાર કરી છે. બફેટની સફળતા પાછળ એક મઝાની વાત એ પણ છે કે, એમણે એમના માણસોને બે નિયમ આપ્યા છે. પહેલો નિયમ કે, શેર હોલ્ડર્સના નાણા ક્યારેય ડૂબવા ન જોઈએ અને બીજો નિયમ એ કે, પહેલાં નિયમનો ભંગ ક્યારેય ન થવો જોઈએ.

આજે તો થોડા ઘણા સફળ થયેલા એન્ટરપ્રેન્યોર્સ પણ બે – ચાર સેલ ફોન, લેપટોપ અને ટેબલેટ સિવાય જોવા નથી મળતા. જાણીને આશ્ચર્ય થાય કે બફેટ સેલફોન, લેપટોપ કે ટેબલેટ નથી રાખતા. પાર્ટીઓ અને ઝાકમઝોળવાળા મેળાવડાઓમાં એ ક્યારેય નથી જતા. પાર્ટીઓમાં જવા કરતાં ઘરના ડ્રોઈંગ રૂમમાં પત્ની સાથે બેસીને પોપકોર્ન ખાતા ખાતા ટીવી જોવાનું એમને વધુ પસંદ છે. આ વાત ખુબ નાની લાગે પણ એની પાછળ પારિવારિક ભવાનાનો મસમોટો મેસેજ છે. કોઈના પ્રભાવમાં અને કોઈની ચાલનું અનુંકરણ કરવા કરતા બીજા જે કહે એ શાંતિપૂર્વક સાંભળીને પોતાને યોગ્ય લાગે એમ કરતા બફેટનું સંપૂર્ણ જીવન પ્રેરણાદાયી મીઠા ઝરણાં જેવું છે. ઝગારા મારતી બફેટની કારકીર્દિમાંથી એક બાબત ઉભરીને એ આવે કે, પૈસા માનવીનુ સર્જન નથી કરતો માનવી પૈસાનું સર્જન કરે છે.

બિલ ગેટસ જેવા દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિની બફેટ સાથેની પહેલી મુલાકાતનો કિસ્સો ખુબ રોચક છે. જ્યારે બિલની બફેટ સાથે મિટિંગ નક્કી થઈ ત્યારે બિલ એમ વિચારતા હતા કે, બફેટ અને એમની વિચારધારા અત્યંત જુદી હોવાથી પંદર – વીસ મિનિટમાં મિટિંગ પૂરી થઈ જશે. પરંતુ આ મિટીંગ પૂરા દસ કલાક સુધી ચાલી. પછી તો બિલ ગેટસ બફેટના રીતસર ચાહક અને ભક્ત બની ગયા. દુનિયામાં જે લોકો સુખી હોય છે એમની પાસે વિશ્વની ઊંચી બ્રાન્ડેડ ચીજ વસ્તુઓ ક્યારેય નથી હોતી, એ લોકો પાસે જે છે એની કદર તે લોકો કરતા હોય છે. એટલે જ આવા લોકો સુખી અને આનંદીત રહી શકતા હોય છે. સોનુ, ચાંદી, મહેલો અને શાનો શૌકતમાં સુખ સમજતા નવધનિક યુવાનો માટે બફેટની આસમાની આફતાબ જેવી સિધ્ધાંતનિષ્ઠ શૈલીને જીવનમાં ઉતારવા જેવી જરૂર છે.

**ધબકાર :**

***સુખનું સરનામું ખુલ્લી પાપણ વચ્ચેથી નહી મળે, વૈચારિક સ્પષ્ટતા હોય તો મનની બારીએથી સુખનો સાગર હિલોળા લેતો જરૂર દેખાશે.***